રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ - ભાવનગર

રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ - ભાવનગર
ભાવનગર - ૪ (તરસમિયા)

જિલ્લા અને તાલુકા ભાવનગરના ગામ મોજે તરસમિયાની સીમની રે. સ. નં. ૨૦ પૈકી ૪ ની સામે ફાળવવામાં આવેલ નગર રચના યોજના ભાવનગર નં. ૧૪ (તરસમિયા) ના અંતિમ ખંડ નં. ૧/૧ પૈકીની ૮૦૯૪.૦૦ ચો. મીટર બીન ખેડવાણ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૧ ની ૧૩૦૨.૮૦ ચો. મીટર જમીન પર બંધાયેલ **બીઝનેઝ લીન્ક આર્કેડ** નામની કોમર્સિયલ બિલ્ડીંગના **..........ફલોર પર આવેલ દુકાન / ઓફીસ નં. ....કાર્પેટ એરીયા ....ચો. મીટર (..........ચો. ફીટ)** તથા તથા **બિલ્ટઅપ એરીયા ....ચો. મીટર (..........ચો. ફીટ)** તથા તેના વરાડે આવતી પ્લોટ નં. ૧૧ ની અવિભાજય અને અનંકિત હિસ્સા સાથેની જમીન તથા તેના વરાડે વાર્ષિક આકાર ભરવાની જવાબદારીને આધીન તથા કોમન પેસેજ, કોમન પાર્કીંગ, વોટર ટેન્ક વગેરેની સહિયારી સુવિધાઓના વરાડે આવતા અવિભાજય અને અનંકિત જગ્યાનો તેવી જ અન્ય દુકાન / ઓફીસ ધારકોના તેવા હિસ્સા સાથે સહિયારો ઉપયોગ કરવાના હક્ક સાથેના વેચાણનો દસ્તાવેજ ::

- વેચાણ કિંમત રૂ.

સ્ટેમ્પ ડયુટી રૂ.

આ વેચાણ દસ્તાવેજ શહેર ભાવનગર મધ્યે આજ તા. -૭-૨૦૧૭ ના રોજ

એક લખાવી લેનાર - ખરીદ કરનાર -

તથા

બીજા પક્ષે લખી આપનાર - વેચાણ આપનાર -

મેસર્સ મીડાસ કન્સ્ટ્રકશન - ઈન્ડિયન પાર્ટનરશીપ એકટ - ૧૯૩૨ નીચે નોંધાયેલી ભાગીદારી પેઢી, સરનામું - પ્રયોશા રેસીડેન્સી, શ્રીનાથજીનગર - ૩ ની બાજુમાં, તરસમિયા, ભાવનગર (PAN- AARFM 6467 E) - વતી અને તરફથી અધિકૃત ભાગીદારો ૧) શ્રી પ્રકાશભાઇ કનુભાઇ પટેલ, ઉંમર પર વર્ષ, વ્યવસાય - વેપાર, સરનામું - ૫/૧૪૩, સોમેશ્વર એનકલેવ-૧, ઉધના મગદલ્લા રોડ, વેસુ, સુરત, (ફોન નં. ૯૮૨૫૧૨૭૯૯૭) (PAN-ADWPP 2598 K) ૨) શ્રી ચિંતનભાઇ હર્ષદભાઇ કળથીયા, ઉંમર ૩૬ વર્ષ, વ્યવસાય - વેપાર, સરનામું - પ્લોટ નં. ૨૫૭૨, ડાયમંડ ચોક, ભાવનગર (ફોન નં. ૯૪૨૬૯૧૯૪૧૧) (PAN- ABSPK 1407 G) ૩) શ્રી મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા, ઉંમર ૪૬ વર્ષ, વ્યવસાય - વેપાર, સરનામું - પ્લોટ નં. ૧૬, માધવબાગ - ૨, વાઘાવાડી રોડ, ભાવનગર (ફોન નં. ૯૮૨૪૨૧૨૩૨૪) (PAN- ABYPD 1437 H) તથા ૪) શ્રી પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ, ઉંમર ૫૧ વર્ષ, વ્યવસાય - વેપાર, સરનામું - **સહજ આનંદ,** પ્લોટ નં. ૨૧૮૨/એ, અક્ષરવાડી સામે, વાઘાવાડી રોડ, ભાવનગર (ફોન નં. ૯૮૨૫૨૦૫૫૦૦)

(PAN- AEGPP 8430 B) - જે બંને પક્ષને હવે પછી અનુક્રમે **ખરીદનાર** તથા **વેચનાર** તરીકે સંબોધવામાં આવેલ છે અને પૂર્વાપર સંદર્ભમાં જયાં અસંગત કે વિરૂધ્ધ અર્થ થતો ન હોય તેવા સર્વ સ્થળે ખરીદનાર શબ્દના અર્થમાં ખરીદનાર તથા તેમના વંશ, વારસો, ઉત્તરાધિકારીઓ, એડમીનીસ્ટ્રેટર્સ અને એક્ઝીક્યુટર્સનો સમાવેશ થશે તથા વેચનાર શબ્દના અર્થમાં વેચનાર પેઢીના હાલના તથા વખતો વખત જે ભાગીદારો હોય તે સર્વે તથા તેમના વંશ, વારસો વગેરેનો સમાવેશ થશે - ની વચ્ચે કરવામાં આવે છે.

જત જૂના ભાવનગર રાજયે ગોળીબાર બટ માટે જિલ્લા અને તાલુકા ભાવનગરના ગામ મોજે તરસમિયાની સીમની કેટલીક ખેડવાણ જમીનો સંપાદન કરેલી તેમાં તરસમિયા રે. સ. નં. ૨૦ ની જમીનનો સમાવેશ થયેલ હતો. પાછળથી જમીનો જે તે ખેડૂતો પાસેથી તેમને ચૂકવાયેલ વળતરની રકમ વ્યાજ સાથે પરત વસુલ લઇ જે તે ખેડૂતની જમીન પરત કરવામાં આવતા સર્વે નં. ૨૦ ની ૧૫ એકર ૨૩ ગૂંઠા જમીન તેના વારસાઇ રૂઇએ થયેલા માલિકો સર્વ શ્રી પરસોત્તમ માધાભાઇ, નાનુભાઇ માધાભાઇ તથા જીવરાજભાઇ માધાભાઇને પરત સોંપવામાં આવતા હકકપત્રક નમૂના ૬ માં તે ત્રણેય નામે સદરહુ જમીન તા. ૦૬-૦૨-૭૮ ની નોંધ નંબર ૫૮૯ ની પેટા નોંધ નં. ૪ થી ચઢાવવામાં આવેલ. તે પૈકી પરસોત્તમભાઇ માધાભાઇનું તા. ૭-૧૧-૧૯૯૮ ના રોજ અપરિણિત અવસ્થામાં અવસાન થતા તેમનું નામ હક્કપત્રક ગામ નમૂના નં. ૬ ની તા. ૨૪-૯-૨૦૦૧ ની નોંધ નં. ૨૨૭૦ માં દર્શાવ્યા મુજબ કમી કરવામાં આવેલ. નાનુભાઇ માધાભાઇ તથા જીવરાજભાઇ માધાભાઇએ તેમના કુલમુખત્યાર શ્રી રતિલાલ લાલજીભાઇ કળથિયા મારફત રે. સ. નં. ૨૦ પૈકીની ૨ એકર ૦૦ ગૂંઠા જમીન શ્રી તુષારભાઇ વલ્લભભાઇ વાનાણીને તા. ૧૯-૩-૨૦૦૨ ના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૮૫ થી વેચાણ આપેલ અને તે અંગેની નોંધ હક્કપત્રક નમૂના ૬ માં તા. ૨૧-૩-૨૦૦૨ ના રોજ નોંધ નં. ૨૩૩૨ થી કરવામાં આવેલ. શ્રી તુષાર વલ્લભભાઇ વાનાણીએ રે. સ. નં. ૨૦ પૈકીની ૨ એકર ૦૦ ગૂંઠા અર્થાત ૦ હે. ૮૦ આરે ૯૪ ચો. મીટર ખેડવાણ જમીન શ્રી પ્રકાશકુમાર પ્રભાશંકરભાઇ બધેકાને તા. ૧૬-૭-૨૦૦૯ ના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૯૮૮ થી વેચાણ આપેલ અને તે અંગેની નોંધ હક્કપત્રક નમૂના ૬ માં તા. ૧૭-૮-૨૦૦૯ ના રોજ નોંધ નં. ૩૬૦૬ થી કરવામાં આવેલ. અમો વેચનાર પેઢીના ભાગીદારો મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા, પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ તથા રિતેષકુમાર અગ્રવાલે સાથે મળી મેસર્સ મીડાસ કન્સ્ટ્રકશન નામની ભાગીદારી પેઢીની રચના કરી તે અંગેનો તા. ૨૦-૨-૨૦૧૦ ના રોજ ભાગીદારી દસ્તાવેજ કરવામાં આવેલ. અમો વેચનાર પેઢીના ભાગીદારો પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ તથા મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા ખાતેદાર ખેડૂત હોઇ, ખેતીની જમીન ખરીદી શકે તેમ હોઇ તેમણે તેમના સંયુકત નામમાં ઉપરોકત રે. સ. નં. ૨૦ પૈકીની ૨ એકર ૦૦ ગૂંઠા અર્થાત ૦ હે. ૮૦ આરે ૯૪ ચો. મીટર ખેડવાણ જમીન શ્રી પ્રકાશકુમાર પ્રભાશંકરભાઇ બધેકા પાસેથી તા. ૨૪-૨-૨૦૧૦ ના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૯૩ થી વેચાણ રાખેલ અને સદરહુ દસ્તાવેજમાં સંમતિ

હોવા અંગે શ્રી વલ્લભભાઇ જેરામભાઇ વાનાણીએ સદરહુ વેચાણ દસ્તાવેજમાં કન્ફર્મીંગ પાર્ટી તરીકે સહી કરી આપેલ. તે અંગેની નોંધ હક્કપત્રક નમૂના ૬ માં તા. ૪-૩-૨૦૧૦ ના રોજ નોંધ નં. ૩૬૪૭ થી કરવામાં આવેલ.

મનિષભાઇ દિનેશભાઇ ડોડિયાએ વલ્લભભાઇ જે. વાનાણી તથા તેમના પુત્ર તુષારભાઇ વલ્લભભાઇ વાનાણી સામે રે. દિ. કે. નં. ૯૩/૨૦૦૬ થી કાયમી મનાઇ હુકમ તથા વિજ્ઞાપન મેળવવા તથા સ્પે. દિ. કે. નં. ૬૩/૦૭ થી કરારના વિશેષ અમલ માટે દાવો કરેલ અને તે અંગેના વિવાદ વિચારાધિન સ્થિતિમાં હતા તે દરમ્યાન પક્ષકારો વચ્ચે ઘરમેળે સમજૂતિ થતા સદરહુ બંને દાવાઓ વાદીશ્રી મનિષભાઇ દિનેશભાઇ ડોડિયાએ બિનશરતી પાછા ખેંચેલ. તેમ છતાં માલિકી હક્કો ચોખ્ખા કરવાના હેતુસર શ્રી વલ્લભભાઇ જેરામભાઇ વાનાણીએ ઉપરોકત તા. ૨૪-૨-૨૦૧૦ ના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૯૩ માં સંમતિ આપનાર તરીકે સહી કરી આપેલ.

ભાવનગર મહાનગરપાલિકાએ રે. સ. નં. ૨૦ પૈકી ૪ ની ૮૦૯૪.૦૦ ચો. મીટરના પ્લોટીંગનો લે-આઉટ પ્લાન તા. ૧૪-૨-૨૦૧૧ ની રજાચિઠ્ઠિ નં. ૪૭ અન્વયે મંજુર કરી આપેલ તથા ભાવનગર જિલ્લા કલેકટરએ તેમના તા. ૨૦-૪-૨૦૧૧ ના હુકમ ક્રમાંક જમીન /૩ / બી. ખે. રજી. નં. ૪૩ / ૨૦૧૦-૧૧ થી રે. સ. નં. ૨૦ પૈકી ૪ ની ટી. પી. સ્કિમ નં. ૧૪ (તરસમીયા), ઓ. પી. નં. ૧, એફ.પી. નં.૧/૧ પૈકીની ૮૦૯૪.૦૦ ચો. મીટર જમીનને રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ કરી આપેલ. દરમિયાનમાં શ્રી પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ તથા શ્રી રીતેશ બાલકૃષ્ણ અગ્રવાલ ભાગીદાર તરીકે છૂટા થતા તા. ૧-૭-૨૦૧૧ થી શ્રી મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા અને શ્રી પ્રકાશભાઇ કનુભાઇ પટેલ તથા શ્રી ચિંતનભાઇ હર્ષદભાઇ કળથિયા વચ્ચે પુનર્રચિત ભાગીદારી કરવામાં આવેલ.

અમો વેચનાર પેઢીના ભાગીદારો પૈકીના અમો પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ ભાગીદારી પેઢીમાં તા. ૨૩-૯-૨૦૧૩ થી જોડાતા તથા અમો પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલે તથા મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયાએ સંયુકતપણે ખરીદ કરેલ ઉપરોકત જમીન ભાગીદારી પેઢીમાં અમારી મૂડી તરીકે લાવેલ છીએ અને સદરહુ જમીનની ખરીદ કિંમત તથા અન્ય ખર્ચ પેઢીના ખર્ચ ખાતે ઉધારીને અમો વેચનાર પેઢીના ભાગીદારો પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ તથા મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા વતી ચૂકવવામાં આવેલ છે અને તે અમારા બંનેના મૂડી ખાતે ઉધારવામાં આવેલ અને તે અંગેનો પુનર્રચિત ભાગીદારી દસ્તાવેજ અમો વેચનાર પેઢીના ભાગીદારો ૧) શ્રી પ્રકાશભાઇ કનુભાઇ પટેલ, ૨) શ્રી ચિંતનભાઇ હર્ષદભાઇ કળથીયા, ૩) શ્રી મનિષકુમાર દિનેશચન્દ્ર ડોડિયા તથા ૪) શ્રી પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ વચ્ચે તા. ૧૮-૧૨-૨૦૧૩ ના રોજ રજિ. નં. ૩૪૩૪ થી કરવામાં આવેલ અને એ રીતે રે. સ. નં. ૨૦ પૈકી ૪ ની ટી. પી. સ્કિમ નં. ૧૪ ફા. પ્લોટ નં. ૧/૧ પૈકીની રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ કરવામાં આવેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં. ૧

થી ૨૭ અમો વેચનાર પેઢીને સ્વતંત્ર માલિકીમાં પ્રાપ્ત થયેલ અને તે ચારેય ભાગીદારોવાળી અમો વેચનાર પેઢીના નામે ગામ નમૂના નં. ૨ માં નોંધ નં. ૨૬૪ થી ચઢાવવામાં આવેલ છે.

શ્રી નાનુભાઇ માધાભાઇની પુત્રીઓ રમાબેન, ગવુબેન અને ગંગાબેન તથા શ્રી જીવરાજભાઇ માધાભાઇની પુત્રીઓ વર્ષાબેન અને ભાવનાબેન તથા સ્વ. ભાવનાબેનના પતિ વિપુલભાઇ નથુભાઇ ડોંડા, પુત્ર સગીર કિશન વિપુલભાઇ તથા સગીર અભિષા વિપુલભાઇ વતી તેના વાલી અને પિતાશ્રી વિપુલભાઇ નથુભાઇ ડોંડાએ શ્રી નાનુભાઇ માધાભાઇ, જીવરાજભાઇ માધાભાઇ તથા તેઓ પાસેથી ઉત્તરોત્તર જમીન ખરીદનારાઓ તમામ તથા અમો વેચનારાઓ મળી કુલ ૪૩ વ્યકિતઓની સામે સ્પે. દિવાની કેસ નં. ૮૪ / ૨૦૧૨ કરીને તમામ દસ્તાવેજો રદ-બાતલ કરાવવા તેમજ શ્રી નાનુભાઇ અને જીવરાજભાઇને જમીન વેચવા કે અન્ય વ્યવહાર કરતા અટકાવવા માંગણી કરેલ છે. ખરી હકીકતે, શ્રી નાનુભાઇ માધાભાઇ પટેલ તથા શ્રી જીવરાજભાઇ માધાભાઇ પટેલે જાતે તથા પોત - પોતાના હિન્દુ અવિભકત કુટુંબના કર્તા દરજજે શ્રી રતિલાલ લાલજીભાઇ કળથિયાને આપેલ તા. ૧૫-૯-૯૩ ના કુલમુખત્યારનામાની રૂઇએ તા. ૨૭-૨-૨૦૦૨ ના રજિ. વેચાણ દસ્તાવેજ નં. ૩૮૫ થી મોજે તરસમિયાની સીમના રે. સ. નં. ૨૦ પૈકીની ૦૨ એકર અર્થાત ૦૦ હે. ૮૦ આરે ૯૪ ચો. મીટર જમીન શ્રી તુષારભાઇ વલ્લભભાઇ વાનાણીને વેચાણ આપેલ અને શ્રી તુષાર વલ્લભભાઇ વાનાણી પાસેથી શ્રી પ્રકાશકુમાર પ્રભાશંકર બધેકાએ તા. ૧૬-૭-૨૦૦૯ ના રજિ. વેચાણ દસ્તાવેજ નં. ૨૯૮૮ થી વેચાણ લીધેલ અને તેમની પાસેથી શ્રી પ્રદ્યુમનભાઇ મોહનલાલ પટેલ તથા શ્રી મનિષભાઇ દિનેશચંદ્ર ડોડિયાએ તા. ૨૪-૨-૨૦૧૦ ના રજિ. વેચાણ દસ્તાવેજ નં. ૧૦૯૩ થી વેચાણ લીધેલ અને તે બંનેએ સદર જમીન રહેણાંક અને કોમર્સિયલ હેતુ માટે બીન ખેડવાણ કરાવી તે પોત - પોતાની મૂડી તરીકે મે. મીડાસ કન્સ્ટ્રકશનની ભાગીદારી પેઢીમાં લાવતા સદર ભાગીદારી પેઢી અંગે અમો મીડાસ કન્સ્ટ્રકશન પેઢીનો તા. ૧૮-૧૨-૨૦૧૩ નો પુનર્રચિત રજિ. ભાગીદારી દસ્તાવેજ નંબર ૩૪૩૪ થી કરવામાં આવેલ છે. આ જમીનનો પ્રથમ વેચાણ દસ્તાવેજ તા. ૨૭-૨-૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ. હિન્દુ વારસા ધારો ૧૯૫૬ માં તા. ૨૦-૧૨-૨૦૦૪ થી કરવામાં આવેલ સુધારો તે અગાઉ વેચાઇ ગયેલ હિન્દુ સંયુકત કુટુંબની મિલ્કતના દસ્તાવેજોને લાગુ પડતું નથી તેવું સુધારેલી કલમમાં સ્પષ્ટ જણાવેલ છે. કાયદાની સ્થિતિ આ પ્રમાણે હોઇને શ્રી નાનુભાઇ માધાભાઇની પુત્રીઓએ તથા શ્રી જીવરાજભાઇ માધાભાઇની પુત્રીઓ તથા સ્વ. પુત્રીના વારસોએ કરેલ સ્પે. દિ. કે. નં. ૮૪ / ૨૦૧૨ નો દાવો રદ થવા પાત્ર થાય છે.

ઉપરોકત બીન ખેડવાણ જમીનમાં પાડવામાં આવેલ રહેણાંકના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧ વાળી જમીનને કોમર્શિયલ હેતુ માટે બીન ખેડવાણ કરી આપવા અમોએ અરજી કરેલ છે અને તેની કાર્યવાહી હાલ ગતીમાં છે જે અમારે પૂર્ણ કરાવી આપવાની છે.

ઉપરોકત બીન ખેડવાણ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧ ની ૧૩૦૨.૮૦ ચો. મીટર જમીન ઉપર ભાવનગર મહાનગરપાલિકાની તા. ૧૧-૩-૨૦૧૬ ની વિકાસ પરવાનગી નં. ૨૫૩ અન્વયે મંજુર કરવામાં આવેલ બિલ્ડીંગ પ્લાન અન્વયે અમો વેચનારે **બીઝનેસ લીન્ક આર્કેડ** નામની કોમર્સિયલ કોમ્પ્લેકસનું બાંધકામ પૂર્ણ કરાવેલ છે અને અમો વેચનારે કમ્પ્લીશન સર્ટીફીકેટ મંજૂર કરાવી તમો ખરીદનારને કમ્પ્લીશન સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ આપવાની છે.

તમો ખરીદનારને વેચાણ આપેલ **બીઝનેસ લીન્ક આર્કેડ** વાળી કોમર્સિયલ ઈમારતમાં **..........ફલોર પર આવેલ દુકાન / ઓફીસ નં. ....કાર્પેટ એરીયા ....ચો. મીટર (..........ચો. ફીટ)** તથા તથા **બિલ્ટઅપ એરીયા ....ચો. મીટર (..........ચો. ફીટ)** નું વિગતવાર વર્ણન આ વેચાણ દસ્તાવેજના અંતભાગમાં **પરિશિષ્ટ**માં આપવામાં આવેલ છે અને તેનો ઉલ્લેખ હવે પછી **સદરહુ મિલ્કત** તરીકે કરવામાં આવેલ છે.

સદરહુ મિલ્કત અમો વેચનાર **રૂા. ....** ની કિંમતમાં વેચાણ આપવા ઈચ્છતા અને તમો ખરીદનાર તે તેટલી જ કિંમતમાં વેચાણ રાખવા કબુલ કરતાં તેના અનુસંધાને આ વેચાણ દસ્તાવેજના અંતભાગમાં **પહોંચ**માં જણાવેલી વિગતે વેચાણ અવેજની રકમ **રૂા. .... અંકે રૂપિયા ....પૂરા** તમો ખરીદનાર પાસેથી અમો વેચનારને ચૂકતે, વસુલ મળી જતાં વેચાણ અવેજ સંબંધેની સઘળી જવાબદારીમાંથી તમો ખરીદનારને મૂકત કરી અમો વેચનારે સદરહુ મિલ્કત તમો ખરીદનારને વેચાણ આપી યાને વેચાણ કરી તેનો સ્થળ પર પ્રત્યક્ષ ખાલી કબજો ચોખ્ખા માલિકી હકકે આજ રોજ તમો ખરીદનારને સોંપી આપેલ છે.

સદરહુ કોમ્પ્લેકસમાં આવેલ વોટર ટેન્કમાં પાણી ભરવા, ચઢાવવા અંગેનો તથા કોમન લાઈટીંગનો વિજળી વપરાશનો સહિયારો ખર્ચ, ચોકીદારના પગાર, ઈલેકટ્રીક મોટર તથા કોમન રીપેર વગેરેના હાલ અંદાજીત માસિક ખર્ચની રકમ વ્યાજમાંથી નીકળે તે માટે તમો ખરીદનારે જનરલ મેન્ટેનન્સની વગર વ્યાજુ ડીપોઝીટ તરીકે નક્કી થયા મુજબ અલગથી આપવાના રહેશે. જે તમારા ખાતે વગર વ્યાજે જમા રાખવામાં આવશે. ખરેખર માસિક ખર્ચની રકમ ઉપર પ્રમાણેની ડીપોઝીટ પરના વ્યાજમાંથી ન નીકળી શકે અને તૂટ પડે તો વધારાની વગર વ્યાજુ મેન્ટેનન્સ ડીપોઝીટ વરાડે પડતી જમા કરાવવાની રહેશે. સદરહુ કોમ્પ્લેક્ષમાં કમ્પ્લીશનની તારીખ બાદ મેઈન્ટેઈન કરવાની જવાબદારી દરેક દુકાન / ઓફીસ ધારકોની રહેશે અને તેનો ભાવનગર મહાનગરપાલિકાના નિયમ મુજબ જે-તે વિધી કરવાની થાય તે કરવાની રહેશે.

ખરીદનારે સદરહુ મિલ્કતનો કોમર્શિયલ હેતુ માટે જ ઉપયોગ કરવાનો છે. સદરહુ મિલ્કતમાં કોઇ દાહક, સ્ફોટક કે કાયદાથી પ્રતિબંધીત ચીજ - વસ્તુઓ રાખવાની નથી.

તમો ખરીદનારે કોમન પાર્કિંગ સ્પેસનો અન્ય ધારણકર્તાઓ સાથે મજમુ ઉપયોગ કરવાનો હકક રહેશે.

ખરીદનારે કમ્પાઉન્ડમાં કચરો કે રદી ચીજ-વસ્તુઓ ફેંકવાની નથી. ખરીદનારે સમગ્ર ઇમારતને નૂકશાન થાય કે પોતાની મિલ્કતનો નાશ થાય કે તેને નૂકશાન થાય તેવા કોઇ કૃત્ય કરવાના નથી.

સદરહુ કોમ્પ્લેક્ષમાં કમ્પ્લીશન તારીખથી મેઇન્ટેનન્સની તમામ જવાબદારી ખરીદનારની રહેશે. તેમાં વેચનારાની કોઇ જવાબદારી રહેશે નહીં અને ભાવનગર મહાનગરપાલિકા તથા અન્ય સરકારી નિયમો મુજબ ઇમારતનું મેઇન્ટેનન્સ ખરીદનારે કરવાનું રહેશે.

સદરહુ મિલ્કતવાળી ઇમારતવાળી જમીનના સને ૨૦૧૭-૧૮ સુધીનું જમીન મહેસુલ તથા શિક્ષણ ઉપકર અમો વેચનારે ભરપાઇ કરી આપેલ છે અને ૨૦૧૭-૧૮ સુધીની રકમ અમો વેચનારે ભરપાઇ કરી આપવાની રહેશે અને સદર ઇમારતની કરવેરાની આકારણી થયેથી જે કાંઇપણ કરવેરા, ચાર્જીઝ વગેરે ભરપાઇ કરવાના થાય તે વેચાણ તારીખ પહેલાના સદર મિલ્કતને લગતા જે કાંઇપણ કરવેરા, ચાર્જિસ ભરપાઇ કરવાના થાય તે અમો વેચનારે ભરવાના રહેશે. વેચાણ તારીખ પછીથી સદરહુ મિલ્કતને લગતા તેવા તમામ ટેકસ, સેસ, ચાર્જીઝ વગેરે ભરવાની જવાબદારી તમો ખરીદનારની રહેશે.

ખરીદનારે પ્લોટની જમીનના બીનખેતી આકાર, જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર વગેરેની વરાડે આવતી રકમ તથા સદરહુ મિલ્કત અંગેના સરકારી, અર્ધ સરકારી જે કાંઇપણ કરવેરા, ચાર્જીઝની રકમ લાગુ પડે તે નિયમિત રીતે ભરી આપવાની રહેશે.

વેચનાર આથી સ્પષ્ટતા કરે છે કે, ખરીદનારને વેચાણ આપેલ મિલ્કત સિવાય સદરહુ પ્લોટવાળી જમીન ઉપરના બાંધકામનો બાકી રહેતા એફ. એસ. આઇ. મુજબ બાંધકામ કરી વેચવાનો વેચનાર પેઢીનો અબાધિત હકક છે. ખરીદનારને વેચાણ આપેલ મિલ્કત સિવાય સદરહુ પ્લોટવાળી મિલ્કતના અન્ય કોઇપણ ઉપયોગ કર્યા વગરનો મળવાપાત્ર એફ. એસ. આઇ. પ્રમાણે બાંધકામ કરી વેચવાનો તથા તેનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપયોગ, ભોગવટો કે વ્યવસ્થા કરવાના હકક વેચનારે પોતાની પાસે અબાધિત રાખેલ છે. કોમન સ્પેસીઝ તથા કોમન અગાશીની જગ્યા વેચાણ આપવામાં આવેલ નથી. ખરીદનારને ફકત સઘળી કોમન ફેસીલીટીઝ અને કોમન સુવિધાઓનો મજમુ ઉપયોગ કરવાનો હક્ક છે.

અમો વેચનારે સદરહુ મિલ્કતવાળી ઇમારત પર કોઇ કરજનો બોજો ઉભો કરેલ નથી અને અમો વેચનારે સદરહુ મિલ્કત અમારા ચોખ્ખા માલિકી હકક સાથે કોઇપણ જાતના

બોજાથી મૂકત તમોને વેચાણ આપેલ છે. સદરહુ મિલ્કતના માલિકી હકક સાથે પ્લોટ નં. ૧૧ ની જમીન પર સદરહુ મિલ્કતના ક્ષેત્રફળના વરાડે આવતા જમીનના અવિભાજય હિસ્સાનો સમાવેશ થાય છે.

સદરહુ મિલ્કતના આજથી તમો ખરીદનાર કુલ, સ્વતંત્ર માલિક બનેલ છો તથા તે સદરહુ મિલ્કતનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવા, તેમાં વસવા હક્કદાર છો. સદરહુ મિલ્કતનો ઉપયોગ - ઉપભોગ, વેચાણ, ગીરો, બક્ષિસ, ટ્રાન્સફર કે એસાઇન કરવા તમો ખરીદનાર હક્કદાર છો. સદરહુ મિલ્કતનો ખાલી, શાંત તથા નિર્ભય કબજો આજ રોજ અમો વેચનારે તમો ખરીદનારને સોંપી આપેલ છે તથા સદરહુ મિલ્કત તમો ખરીદનારે તમારા કબજામાં સંભાળી લીધેલ છે.

અમો વેચનાર વધુમાં બાહેંધરી આપીએ છીએ કે, સદરહુ વેચાણ આપેલ મિલ્કતના તમો ખરીદનાર તથા તમારા વંશ, વારસો વિગેરેના માલિકી, કબજા, ભોગવટા અને ઉપયોગ કરવાના હકકમાં અમો વેચનાર હરકત - અંતરાય કે અટકાયત કરીશું - કરાવીશું નહીં તેમ છતા કરીએ - કરાવીએ અને તેના કારણે તમો ખરીદનારને કે તમારા વંશ, વારસોને દરેક પ્રકારનું થતું નૂકશાન અવેજ સહીત ચૂકવી આપવા અમો વેચનાર બંધાયેલા છીએ.

અમો વેચનાર વધુમાં બાહેંધરી આપીએ છીએ કે, અમો વેચનારે વેચાણ આપેલ મિલ્કત ઉપરના અમારા હકકો કોઇપણ અન્યને વેચાણ, ગીરો કે બક્ષિસ, ચાર્જ, લિયન કે અન્ય કોઇપણ પ્રકારે લખી આપેલ નથી તેમજ બીજી કોઇ રીતે ટ્રાન્સફર કરી આપેલ નથી કે ખોરાકી - પોષાકી કે રહેણાંકના કે બીજા તેવા કોઇપણ હકક - હિત કે હિસ્સો નથી. તેમજ સદરહુ મિલ્કત અંગે આગળ ઉપર જણાવેલ સ્પે. દિ. કે. નં. ૮૪ / ૨૦૧૨ ના ઉપર જણાવેલ વાદીઓનો તા. ૨૦-૧૨-૨૦૦૪ પહેલાના તેમના પિતાઓએ કરેલ વેચાણ દસ્તાવેજોવાળી મિલ્કતને અસર કરતા નથી અને સદર મિલ્કતમાં દાવો કરનારાઓને કોઇ કોઇ હક્ક - હિસ્સો નથી કે સદર દાવામાં કોઇ મનાઇ હુકમ આવેલ નથી કે વેચાણ કરવા અંગે કોઇપણ મનાઇ હુકમ બજેલ નથી કે મજકુર મિલ્કત જપ્તિમાં કે અવલ જપ્તિમાં લેવામાં આવેલ નથી. તેમ છતાં સદરહુ મિલ્કતમાં પોતાને હકક-હિસ્સો પ્રાપ્ત થયેલ હોવાનો કે પોતાના લેણાનો બોજો હોવાનો કોઇપણ શખ્સ કોઇપણ પ્રકારનો દાવો કે અન્ય પ્રકારનો અલાખો કરે અને તેના કારણે તમો ખરીદનારને કોઇપણ પ્રકારે નૂકશાન કે ખર્ચ થાય તો તે સઘળું અવેજ સહીત ચૂકવી આપવા અમો વેચનાર બંધાયેલા છીએ.

અમો વેચનારે આ દસ્તાવેજમાં સહી - સિકકા કરી તે સાથે અમારી તથા અગાઉના માલિકોના માલિકી દર્શાવતા નીચે મુજબના આધારો સોંપેલ છે.

--:: સોંપેલ દસ્તાવેજોની યાદી ::--

૧) તરસમિયા સ. નં. ૨૦ ની જમીન ભાવનગર નગરપાલિકાની હદમાં આવતા તે અંગેની હકકપત્રક ગામ નમૂના નં. ૬ ની તા. ૧૨-૧-૬૩ ની નોંધ નં. ૨૨૧ (ફોટો કોપી).

૨) જૂના ભાવનગર રાજયે ગોળીબાર બટ માટે તરસમિયાના સર્વે નંબરોની જમીન સંપાદન કરી ચૂકવેલ વળતરની રકમ સામે પરત મેળવી જમીન ખેડૂતોને પરત કરતા તેમાં સ. નં. ૨૦ ની પરસોત્તમ માધા, નાનુ માધા તથા જીવરાજ માધાને પરત થતાં તે અંગે કરવામાં આવેલ હકકપત્રકની તા. ૬-૨-૭૮ ની નોંધ નં. ૫૮૯ નો ઉતારો (ફોટો કોપી).

૩) પરસોત્તમ માધા, નાનુ માધા તથા જીવરાજ માધાએ રતિલાલ લાલજીભાઇ કળથીયા તથા રમેશભાઇ દામજીભાઇ આહલપરાના નામમાં તા. ૧૫/૧૮-૯-૯૩ ના રોજ આપેલ કુલમુખત્યારનામું (ફોટો કોપી).

૪) પરસોત્તમભાઇ માધાભાઇનું તા. ૭-૧૧-૧૯૯૮ ના રોજ અપરિણિત અવસ્થામાં અવસાન થતા તેમનું નામ કમી કર્યા અંગેની હક્કપત્રક ગામ નમૂના નં. ૬ ની તા. ૨૪-૯-૨૦૦૧ ની નોંધ નં. ૨૨૭૦ નો ઉતારો (ફોટો કોપી).

૫તથા૬) નાનુભાઇ માધાભાઇ તથા જીવરાજભાઇ માધાભાઇએ તેમના કુલમુખત્યાર શ્રી રતિલાલ લાલજીભાઇ કળથિયા મારફત રે. સ. નં. ૨૦ પૈકીની ૨ એકર ૦૦ ગૂંઠા જમીનનો શ્રી તુષારભાઇ વલ્લભભાઇ વાનાણી જોગ લખી આપેલ તા. ૧૯-૩-૨૦૦૨ નો રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૮૫ તથા તે અંગેની હક્કપત્રક નમૂના ૬ ની તા. ૨૧-૩-૨૦૦૨ ની નોંધ નં. ૨૩૩૨ નો ઉતારો (ફોટો કોપીઝ).

૭તથા૮) ડી.ઇ.લે.ર. કચેરી તરફથી ફાઇનલ પ્લોટ નં. ૧/૧ ની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટસ દર્શાવતા માપણી શીટ તથા હિસ્સા ફોર્મ નં. ૪ ની નકલ (ફોટો કોપીઝ).

૯થી૧૧) શ્રી તુષાર વલ્લભભાઇ વાનાણીએ રે. સ. નં. ૨૦ પૈકીની ૨ એકર ૦૦ ગૂંઠા અર્થાત ૦ હે. ૮૦ આરે ૯૪ ચો. મીટર ખેડવાણ જમીનનો શ્રી પ્રકાશકુમાર પ્રભાશંકરભાઇ બધેકા જોગ લખી આપેલ તા. ૧૬-૭-૨૦૦૯ નો રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૯૮૮ તથા તે અંગેની નોંધ હક્કપત્રક નમૂના ૬ ની તા. ૧૭-૮-૨૦૦૯ ની નોંધ નં. ૩૬૦૬ તથા ગામ નમૂના નં. ૭ અને ૧૨ નો ઉતારો (ફોટો કોપીઝ).

૧૨) અમો વેચનાર પેઢીના ભાગીદારો મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા, પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ તથા રિતેષકુમાર અગ્રવાલે સાથે મળી મેસર્સ મીડાસ_કન્સ્ટ્રકશન નામની ભાગીદારી પેઢીની રચના કરી તે અંગે તા. ૨૦-૨-૨૦૧૦ ના રોજ કરેલ ભાગીદારી દસ્તાવેજ (ફોટો કોપી).

૧૩થી૧૬) પ્રકાશકુમાર પ્રભાશંકરભાઇ બધેકાએ રે. સ. નં. ૨૦ પૈકીની ૨ એકર ૦૦ ગૂંઠા અર્થાત ૦ હે. ૮૦ આરે ૯૪ ચો. મીટર ખેડવાણ જમીનનો અમો વેચનાર પેઢીના ભાગીદારો પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ તથા મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા જોગ લખી આપેલ તા. ૨૪-૨-૨૦૧૦ નો રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૯૩ તથા તે અંગેની હક્કપત્રક ગામ નમૂના નં. ૬ ની તા. ૪-૩-૨૦૧૦ ની નોંધ નં. ૩૬૪૭ તથા ગામ નમૂના નં. ૮-અ તથા ૭ અને ૧૨ નો ઉતારો (ફોટો કોપીઝ).

૧૭તથા૧૮) ભાવનગર મહાનગરપાલિકા તા. ૧૪-૨-૨૦૧૧ ની રજાચિઠ્ઠિ નં. ૪૭ તથા તે અન્વયે મંજુર કરવામાં આવેલ લે-આઉટ પ્લાન (ફોટો કોપીઝ).

૧૯તથા૨૦) ભાવનગર જિલ્લા કલેકટરશ્રી, ભાવગનરનો તા. ૨૦-૪-૨૦૧૧ નો બીનખેતી હુકમ ક્રમાંક જમીન/૩/બીખે.રજી.નં.૪૩/૨૦૧૦-૧૧ તથા તે અંગેની હક્કપત્રક નોંધ નં. ૩૭૫૦ તા.૩-૫-૨૦૧૧ નો ઉતારો (ફોટો કોપીઝ).

૨૧) મહાનગર સેવા સદન, ભાવનગરે તા. ૧૯-૫-૨૦૧૦ ના રોજ આપેલ ઝોનીંગ સર્ટીફીકેટ (ફોટો કોપી).

૨૨તથા૨૩) અમો વેચનાર પેઢીનો તા. ૧-૭-૨૦૧૧ નો તથા તા. ૧૮-૧૨-૨૦૧૩ ના રોજ રજિ. નં. ૩૪૩૪ થી કરવામાં આવેલ પુનર્રચિત ભાગીદારી દસ્તાવેજો (ફોટો કોપીઝ).

૨૪) અમો વેચનાર પેઢીના નામની ગામ નમૂના નં. ૨ ની નોંધ નં. ૨૬૪ નો ઉતારો (ફોટો કોપી).

૨૫) વકીલ શ્રી અનિલ ર. શ્રીધરાણીએ અમો વેચનાર પેઢીના નામમાં તા. ૨૬-૨-૨૦૧૪ ના રોજ આપેલ ટાઇટલ સર્ટીફીકેટ (ફોટો કોપી).

૨૬તથા૨૭) ભાવનગર મહાનગરપાલિકાની તા. ૧૧-૩-૨૦૧૬ ની વિકાસ પરવાનગી નં. ૨૫૩ તથા તે અન્વયે મંજુર કરવામાં આવેલ બિલ્ડીંગ પ્લાન (ફોટો કોપી).

૨૮) સદરહુ ઈમારતવાળી જમીનનો સને ૨૦૧૭-૧૮ સુધીનું જમીન મહેસુલ તથા શિક્ષણ ઉપકર ભરપાઇ કર્યાની તા. ....ની અનુક્રમે પહોંચ નં. ....અને ....(ફોટો કોપીઝ).

આ સિવાય અમો વેચનાર પાસે બીજા કોઇ દસ્તાવેજો નથી તે આથી જાહેર કરીએ છીએ.

આ વેચાણ દસ્તાવેજના આધારે તમો ખરીદનાર સદરહુ મિલ્કતના તમામ હકકો રેવન્યુ દફતરે તથા અન્ય લાગતી વળગતી કચેરીના દફતરે અમો વેચનારના નામેથી કમી કરાવી તમો ખરીદનારના નામે કરાવી લેવા તમો ખરીદનાર હકકદાર છો અને અમો વેચનારના સદરહુ
મિલ્કત અંગેના માલિકી હકકો પૂરવાર કરવા માટે જયાં જયાં, જયારે જયારે, અરજી, જવાબ, કબુલત, દસ્તાવેજ, સોગંદનામાં વિગેરે કરવાની જરુર પડે તે અમો વેચનારે કરી આપવાના છે.

સદરહુ મિલ્કતની વેચાણ કિંમત **રૂા.** .... ની હોઇ આ દસ્તાવેજ **રૂા.** .... ના નોન જયુડીશીયલ સ્ટેમ્પના પેપર્સ ઉપર આ દસ્તાવેજ ટાઇપ કરી સરકારશ્રીની સ્ટેમ્પ ડયુટી પૂરી ભરપાઇ કરી આપેલ છે. આ દસ્તાવેજની સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ખર્ચ, લીગલ ચાર્જીસ, ફોટો ફી, ટાઇપ ખર્ચ વગેરે તમામ તમો ખરીદનારે ભોગવવાના છે.

-: પ રિ શિ ષ્ટ :-

વેચાણ આપેલ સદરહુ મિલ્કતનું વર્ણન ::

જિલ્લા અને તાલુકા ભાવનગરના ગામ મોજે તરસમિયાની સીમની રે. સ. નં. ૨૦ પૈકી ૪ ની સામે ફાળવવામાં આવેલ નગર રચના યોજના ભાવનગર નં. ૧૪ (તરસમિયા) ના અંતિમ ખંડ નં. ૧/૧ પૈકીની ૮૦૯૪.૦૦ ચો. મીટર બીન ખેડવાણ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૧ ની ૧૩૦૨.૮૦ ચો. મીટર જમીન પર બંધાયેલ **બીઝનેઝ લીન્ક આર્કેડ** નામની કોમર્સિયલ બિલ્ડીંગના **...........ફલોર પર આવેલ દુકાન / ઓફીસ નં. ....કાર્પેટ એરીયા ....ચો. મીટર (...........ચો. ફીટ)** તથા તથા **બિલ્ટઅપ એરીયા ....ચો. મીટર (...........ચો. ફીટ)** તથા તેના વરાડે આવતી પ્લોટ નં. ૧૧ ની અવિભાજય અને અનંકિત હિસ્સા સાથેની જમીન તથા તેના વરાડે વાર્ષિક આકાર ભરવાની જવાબદારીને આધીન તથા કોમન પેસેજ, કોમન પાર્કીંગ, વોટર ટેન્ક

વગેરેની સહિયારી સુવિધાઓના વરાડે આવતા અવિભાજય અને અનંકિત જગ્યાનો તેવી જ અન્ય દુકાન / ઓફીસ ધારકોના તેવા હિસ્સા સાથે સહિયારો ઉપયોગ કરવાના હક્ક સાથે - વેચાણ આપેલ મિલ્કતની ચતુર્દિશા નીચે મુજબ છે :

ઉત્તર તરફ :

પૂર્વ તરફ :

દક્ષિણ તરફ :

પશ્ચિમ તરફ :

મિલ્કતનું પોસ્ટલ સરનામું ::

દુકાન / ઓફીસ નંબર ...., બીઝનેસ લીન્ક આર્કેડ, પ્લોટ નં. ૧૧, ચિત્રકુટ નગર પાસે, રે. સ. નં. ૨૦ પૈકી ૪, તરસમિયા, જિ. ભાવનગર.

મિલ્કત રાખનારની સહી :

મિલ્કત તબદીલ કરનારની સહી :

મેસર્સ મીડાસ કન્સ્ટ્રકશન - ભાગીદારી પેઢી,
- વતી અને તરફથી અધિકૃત ભાગીદારો

૧) ---------------------
(પ્રકાશભાઇ કનુભાઇ પટેલ)

૨) --------------------------
(ચિંતનભાંઇ હર્ષદભાઇ કળથીયા)

૩) --------------------------
(મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા)

૪) --------------------------
(પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ)

--:: પ હોં ચ ::--

અમો વેચનારને તમો ખરીદનાર તરફથી સદરહુ મિલ્કતના વેચાણ અવેજના **રૂા. ....-૦૦ અંકે રૂપિયા ....પૂરા** નીચેની વિગતેથી ચૂકતે વસુલ મળ્યા.

રૂા.

રૂા.   અંકે રૂપિયા ....પૂરા.

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ અમો વેચનાર પેઢીના ભાગીદારો તથા તમો ખરીદનારે વાંચી, વંચાવી, વિચારી, સમજી, સ્વેચ્છાએ કરેલ છે તે અમો વેચનાર પેઢીના હાલના તથા વખતો વખત જે ભાગીદારો હોય તે તથા તમો ખરીદનારના વંશ, વારસો સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે જેના સમર્થનમાં આ નીચે સાક્ષીઓ રૂબરુ સ્વહસ્તે સહી તથા અંગૂઠાની છાપ કરેલ છે.

વેચનારની સહી :

મેસર્સ મીડાસ કન્સ્ટ્રકશન - ભાગીદારી પેઢી, -
વતી અને તરફથી અધિકૃત ભાગીદારો

૧) -----------------------
(પ્રકાશભાઇ કનુભાઇ પટેલ)

૨) ---------------------------
(ચિંતનભાઇ હર્ષદભાઇ કળથીયા)

૩) -------------------------
(મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા)

૪) -------------------------
(પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ)

ખરીદનારની સહી ::

સાક્ષીઓની સહી ::

૧)

૨)

ફોટો પરિશિષ્ટ

વેચનારની સહી : **ફોટો** **અંગૂઠાનું નિશાન**

મેસર્સ મીડાસ કન્સ્ટ્રકશન - ભાગીદારી પેઢી,
- વતી અને તરફથી અધિકૃત ભાગીદારો

૧) ----------------------
(પ્રકાશભાઇ કનુભાઇ પટેલ)

૨) ---------------------------
(ચિંતનભાઇ હર્ષદભાઇ કળથીયા)

૩) ---------------------------
(મનિષકુમાર દિનેશચંદ્ર ડોડિયા)

૪) ---------------------------
(પ્રદ્યુમનભાઇ મોહનભાઇ પટેલ)

ખરીદનારની સહી :: **ફોટો** **અંગૂઠાનું નિશાન**